# AnyRoR/ i-ORA પોર્ટલ મારફત ઓન-લાઇન ડિજિટલી સાઇન્ડ ગામ નમૂના મેળવવા માટેની કાર્યપધ્ધતિ

| | |
|---|---|
| ૧ | સૌપ્રથમ મહેસૂલ વિભાગના AnyRoR (https://anyror.gujarat.gov.in) અથવા i-ORA (https://iora.gujarat.gov.in) પોર્ટલ પર જાઓ. |
| ૨ | AnyRoR અથવા i-ORA પોર્ટલના મુખ્ય પેજ પર દર્શાવેલ **"Digitally Signed RoR/ ડિજિટલી સાઇન્ડ ગામ નમૂના નંબર"** પર Click કરો. |
| 3 | તમારો મોબાઇલ નંબર દાખલ કરો. |
| ૪ | સ્ક્રીન પર દર્શાવેલ સંખ્યાદર્શક કેપ્ચા કોડ વાંચીને તેની નીચેના ટેક્સ્ટબોક્સમાં દાખલ કરો.<br>કેપ્ચા કોડ વાંચી ન શકો તો **"Refresh Code"** પર Click કરો જેથી નવો કેપ્ચા કોડ સ્ક્રીન પર જોવા મળશે. |
| ૫ | કેપ્ચા કોડ દાખલ કર્યા બાદ **"Generate OTP"** પર Click કરો. OTP જનરેટ કરવાથી આપે દાખલ કરેલ મોબાઇલ નંબર પર વેરીફિકેશન કોડ મળશે. |
| ૬ | મોબાઇલ નંબર પર મળેલ વેરીફિકેશન કોડ ટેક્સ્ટબોક્સમાં દાખલ કરી **"Login"** પર Click કરો. |
| ૭ | **"Login"** પર Click કર્યા બાદ ડિજિટલી સાઇન્ડ ગામ નમૂના મેળવવા માટેનું ફોર્મ ખુલશે. |
| ૮ | જરૂરી ગામ નમૂના નંબર અને તેને સંલગ્ન જિલ્લો, તાલુકો, ગામ અને સરવે/બ્લોક નંબર/ ખાતા નંબર/ નોંધ નંબર પસંદ/ દાખલ કરી **"Add Village Form"** પર Click કરો. |
| ૯ | આપને જરૂરી ગામ નમૂના નંબર ની વિગતો એક પછી એક ઉપર જણાવેલ મુદ્દા (૮) મુજબ **"Add Village Form"** પર Click કરી યાદી તૈયાર કરો. |
| ૧૦ | જરૂરી ગામ નમૂના નંબર ની યાદી તૈયાર કર્યા બાદ ચકાસણી કરી **"Procced For Payment"** પર Click કરો. |
| ૧૧ | **"Procced For Payment"** પર Click કર્યા બાદ જો યાદી માં સુધારો જણાય તો **"Cancel Request"** પર Click કરો અથવા રકમ ની ચુકવણી માટે **"Pay Amount"** પર Click કરી જરૂરી રકમ ની ચુકવણી ઓન-લાઈન કરો.<br>નોંધ:-<br>અ) રકમ માત્ર ઓન-લાઈન જ ભરવાની છે.<br>બ) ઓન-લાઈન રકમ ભરતા પહેલા ઓન-લાઈન પેમેન્ટ કરવા અંગેની પોર્ટલના મુખ્ય પેજ પર દર્શાવેલ સુચનાઓ કાળજીપુર્વક વાંચી લેવી. |
| ૧૨ | જરૂરી રકમની ચુકવણી બાદ તૈયાર થયેલ ડિજિટલ ગામ નમૂના નંબર ડાઉનલોડ કરવા માટે સ્ક્રીન પર મળશે. સ્ક્રીન પર જણાવેલ **"Download RoR"** પરથી ડિજિટલ ગામ નમૂના નંબર ડાઉનલોડ કરો.<br>નોંધ:-<br>અ) જો રકમની ચુકવણી બાદ ડિજિટલ ગામ નમૂના નંબર તૈયાર થયેલ ન હોય તો **"Generate RoR"** પર Click કરી ડિજિટલ ગામ નમૂના નંબર તૈયાર કરો.<br>**બ) એકવાર તૈયાર થયેલ ડિજિટલ ગામ નમૂના નંબર આપના લોગીનમાં ૨૪ કલાક સુધી ડાઉનલોડ કરવા માટે ઉપલબ્ધ રહેશે.** |
| ૧૩ | ડિજિટલ ગામ નમૂના નંબર ડિજિટલી સાઇન્ડ હોય છે અને તે રાજ્ય સરકાર દ્વારા માન્ય કરેલ નકલ છે. |
| ૧૪ | ડિજિટલ ગામ નમૂના નંબર માં દર્શાવેલ ક્યુઆર કોડ (QR Code) સ્કેન કરવાથી કોઇ પણ વ્યક્તિ કે સંસ્થા તેને સર્વરની કોપી સાથે ચકાસણી કરી શકે છે. |
| ૧૫ | ડિજિટલ ગામ નમૂના નંબર માં દર્શાવેલ ક્યુઆર કોડ (QR Code) ની નીચે જણાવેલ યુનિક નંબર https://anyror.gujarat.gov.in/rorverify.aspx પર દાખલ કરીને પણ કોઇ પણ વ્યક્તિ કે સંસ્થા તેને સર્વરની કોપી સાથે ચકાસણી કરી શકે છે. |